**C.C.NO.681-2025**

## <u>મહે. અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલતમાં, ભચાઉ–કચ્છ.</u>

**ફરીયાદી :–** **શ્રી સરકાર**

વિ.

**આરોપી :–** **દિનેશ ગેલાભાઈ કોલી**

<u>– : જ જ મે ન્ટ : –</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એ પ્રમાણેની છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટ માં જણાવ્યા મુજબનો ગુન્હો કરેલ હોઈ તેની સામે ગુજરાત પ્રોહી એકટની કલમ–૬૬ (૧)(બી) મુજબના ગુન્હાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી હાજર થતા, બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પૂરી પાડયાની ખાત્રી કરી, આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુનો કબૂલ હોવાનું જણાવી પુરશીશ આપી સ્વેચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવી, સ્વેચ્છાએ ગુનો કબૂલ કરતા સ્વીકાર કરાયેલ અને આ કામે રજૂ આંક–૧ નું ચાર્જશીટ ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહી એકટની કલમ –૬૬(૧) (બી) મુજબના ગુનાનું તહોમત છે. જેની સજા ધ્યાને લેતા આ ગુનામાં દોષિત ઠર્યે ''પ્રથમ ગુના માટે છ માસ સુધીની કેદની સજા અને એક હજાર સુધીનો દંડની સજા'' ને પાત્ર છે. આરોપીને ગુનાનો પસ્તાવો છે અને તેઓ કુંટુંબ કબીલાવાળા હોય અને વારંવાર કોર્ટના ધકકા ખાવા આર્થિક રીતે પરવડે તેમ ન હોય, ગુનાની કબુલાત કરેલ છે. આ તબકકે હાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદો **<u>જી.એલ.આર ૨૦૦૫ પાન નં.૭૦૯ નટવરસિંહ હરિસિંહ ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>**<u>ના</u> કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, તે અનુસાર નાના અને નજીવા ગુનાઓમાં ખાસ સંજોગો ધ્યાને લઈ, કાયદામાં ઠરાવેલ સજા કરતા લઘુત્તમ સજા કરી શકાય અને આ કેસમાં ધ્યાને લેતા આરોપી પછાત વિસ્તારના હોય, ગુનાનો પસ્તાવો હોય, ગુનાનો પ્રકાર ધ્યાને લઈ આરોપીને લઘુત્તમથી ઓછી કે સુધારાત્મક સજા કરવી જોઈએ, તેવું મારૂ માનવું છે અને આ સંજોગોમાં આરોપીને ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧) (બી) ગુનામાં દોષિત ઠેરવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

### <u>આખરી હુકમ</u>

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ મુજબ ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં દોષીત ઠરાવી **રૂા.૫૦૦/– (અંકે રૂા.પાંચસો પૂરા)** દંડનો હુકમ કરવામાં આવે છે અને આરોપી જો દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪મી, માહે–માર્ચ,સને–૨૦૨૬ ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સહી/–

તારીખ :–૧૪/૦૩/૨૦૨૬
ભચાઉ–કચ્છ.
લોક–અદાલત

**(વિશાલકુમાર યોગેશકુમાર ત્રીવેદી)**
**GJ-01287**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભચાઉ–કચ્છ.

રૂા.૫૦૦/–અંકે રૂપીયા પાંચસો પુરા રસીદ નં...........
તા.૧૪/૦૩/૨૦૨૬ થી વસુલ લીધા.

નાઝીર
પ્રિન્સીપાલ સીની.સીવીલ કોર્ટ,ભચાઉ